

**Long-Term Care Home Update** | *Community Newsletter* | Lakeridge Health

**નવેમ્બર 2021**

## નવેમ્બરમાં બાંધકામની પ્રગતિ

પાછલા ઉનાળામાં, સરકારે એક્સેલરેટેડ બિલ્ડ પ્રોસેસ (ઝડપથી નિર્માણ કરવાની પ્રક્રિયા)નો ઉપયોગ કરીને Ajax Pickering Hospitalની બાજુમાં નવા લાંબાગાળાની સંભાળ માટેના ઘરનું નિર્માણ કરવા Lakeridge Health and Infrastructure  Ontario સાથે સહયોગી ભાગીદારી કરવાની જાહેરાત કરી હતી. PCL Constructionની ટુકડીએ ઘર બનાવવાની જગ્યાએ જાન્યુઆરી 2021માં જમીન તોડીને કંડારી હતી. માત્ર 11 મહિના પછી, ટુકડીઓ ઘરમાં ઘરમાં બાકી રહેલ દીવાલોની આંતરિક સંરચના, છત, વગેરે સપાટીઓનું રંગકામ પૂર્ણ કરી રહી છે, જેમાં ખાંડણીના કોલસાનો ઉપયોગ કર્યા વિના ચણેલી પથ્થરની દીવાલો, ફરસંબંધી, અને રંગકામનો સમાવેશ થાય છે. ઘરમાં સળંગ આ બધા કામો પર કાર્ય કેન્દ્રિત કરવામાં આવ્યું છે અને હવે અંદાજે છમાંથી બે માળો પૂર્ણ થઈ ચૂક્યા છે. પ્રત્યેક દિવસે જયારે 400 કામદારો સ્થળ પર કામ કરી રહ્યા છે ત્યારે, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે પ્રત્યેક નવો માળ દર બે અઠવાડિયે સંપન્ન થશે.

એકદમ તાજેતરમાં, ઘરનો બીજો માળ પૂર્ણ કરવામાં આવ્યો હતો, જેમાં રાચરચીલું, લાઈટિંગ ઉપકરણ તેમજ કાર્યાન્વિત કરવામાં આવેલ બાથરૂમ ધરાવતા નવા નક્કોર નિવાસી ઓરડાનો સમાવેશ થાય છે.

અમે 2022ની સાલ માટે એટલા બધા ઉત્તેજિત છીએ કારણ કે ત્યારે નિવાસીઓ ઘરમાં રહેવા જઈ શકશે અને પ્રત્યેક ઓરડાને તેમની કળા, પારિવારિક ફોટોઝ, અને મૂલ્યવાન મિલકતથી સાજશણગાર વડે જીવંત કરશે.

બે એલિવેટર્સ પણ હવે ઉચિત પ્રમાણીકરણ મેળવવાની સાથે કાર્ય કરી રહ્યાં છે. આનો મતલબ એ થયો કે બન્ને એલિવેટર્સ સંપૂર્ણપણે કાર્ય કરી રહ્યાં છે તેમજ બાંધકામની ટુકડીઓ પણ એલિવેટર્સનો ઉપયોગ સાધનસરંજામ અને પુરવઠાને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જઈ શકે છે.

ઘરની બહાર, સંભવિતપણે તમારું ધ્યાન થોડાં તાજેતરનાં પરિવર્તનો પર ગયું હશે. ઈમારતની બહારના ભાગમાં રહેલ બાહ્ય વસ્તુઓને ઊંચી કરવા માટેનું યાંત્રિક સાધન અને બંને ક્રેન્સને સ્થળ પરથી દૂર કરવામાં આવેલ છે. ઈમારતના બાહ્ય ભાગને ચણવા માટેનાં સાધનોની સંરચના હવે પૂર્ણ થવાનાં આરે છે અને ઘર હવે સફેદ, નારંગી અને ભૂરા રંગનું થઈ ગયું છે. માર્ગનું માળખું પૂર્ણ થવાને આરે છે તેમજ બગીચાઓનું આયોજન, નકશો અને બાંધકામ પણ ચાલી રહ્યું છે. પ્રત્યેક દિવસે ઈમારત એક નિર્માણકામનું સ્થળ લાગવાને બદલે એક ઘર તરીકે વધારે લાગે છે. Lakeridge Healthની ટુકડી ભવિષ્યમાં વસનારા 320 નિવાસીઓ તૈયારમાલે વસવાટ કરવા જવા માટેના ઘરને તૈયાર કરવામાં જોતરાયેલી છે!



*નવા લાંબાગાળાની સંભાળ માટેનાં ઘરની પૂર્વ બાજુ પર એક નજર (6 નવેમ્બર, 2021)*

## ઘરની અંદર તમારી પ્રથમ નજર



*ઘરનાં દ્વિતીય માળે આવેલો નમૂનારૂપ નિવાસી ઓરડો*



*નમૂનારૂપ નિવાસી ઓરડા સાથે જોડાયેલ અંગત ઉપયોગ કરવા માટેનું સ્નાનગૃહ*

## લાંબાગાળાની સંભાળ માટેનાં ઘરનાં નામ બાબત છેલ્લામાં છેલ્લી માહિતી

અગાઉ આ પાનખર ઋતુ દરમિયાન જે-જે લોકોએ Durham Regionમાં અને તેની બહાર *Long-Term Care Home Community Naming Survey*માં ભાગ લીધો છે તે તમામનો અમે આભાર માનવા માગીએ છીએ. અમને જે મોજણીનાં પ્રતિસાદો પ્રાપ્ત થયા છે તે નામકરણ કરવાનાં નિર્ણય અંગેના મહત્ત્વને પ્રદર્શિત કરે છે અને તમારા ફીડબૅકને આધારે, અમે એવા નામને વિકસીને પસંદ કરવા માટે મથી રહ્યા છીએ જે અમારા સમુદાયની શ્રેષ્ઠ ગુણવત્તાનું પ્રતિનિધિત્વ કરતું હોય. ફરી એક વાર, જેટલા લોકોએ ભાગ લીધો હોય એ તમામનો આભાર. અમે ટૂંક સમયમાં પસંદ કરેલા નામને સમુદાયને જણાવવા માટે ઉત્સુક છીએ.

## Ajax Pickering Hospital સ્થિત મુલાકાતી પાર્કિંગ

Ajax Pickering Hospitalની અડોઅડ નવા પાર્કિંગ ગૅરેજનું નિર્માણકામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે અને પ્રવર્તમાનમાં આગામી વર્ષે તે પૂર્ણ થઈ શકે એ માટે તેને સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. આયોજન કર્યા પ્રમાણે કામની પ્રગતિ ચાલુ રાખવા કાજે, ક્રેન્સને પાર્કિંગ ગૅરેજનાં સ્થળ પર ગતિશીલ રહેવા માટે ગોઠવી રાખી છે અને, તેનાં પરિણામસ્વરૂપે, અમે Ajax Pickering Hospitalની પાર્કિંગની જગ્યામાં કેટલાક ક્ષમતા બાબતના મુદ્દાઓને અનુભવી રહ્યાં છીએ.

આ વિચ્છિન્નતાને કારણે અમારી આસપાસના સમુદાય અને મુલાકાતીઓને જે કંઈ અગવડનો સામનો કરવો પડતો હશે એ બદલ અમે ક્ષમાયાચના કરવા માગીએ છીએ. અમારી ટોચની અગ્રતા તમામ દર્દીઓ, મુલાકાતીઓ, અને આવશ્યક સંભાળ લેતા ભાગીદારો માટે સુરક્ષિત, ન્યાયસંગત તેમજ સહેલાઈથી ઉપલબ્ધ બનાવી શકાય તેવું પાર્કિંગ પૂરું પાડવાની છે. પાર્કિંગ માટેની ઘટી ગયેલી જગ્યાને ધ્યાનમાં લેતાં, અમે અમારા તમામ દર્દીઓને યાદ દેવડાવવા માગીએ છીએ કે કૃપા કરીને તેઓ આગામી આયોજન કરી રાખે અને પાર્કિંગની જગ્યા ફાળવવા માટે અમને અતિરિક્ત સમય આપે. આથી તમે એ બાબતની ખાતરી કરી શકશો કે તમે તમારો સુનિશ્ચિત કરી રાખેલ આયોજિત મુલાકાત માટે સમય સાચવી શકશો. જે કોઈ વ્યક્તિ પોતાનું વાહન ચલાવીને આયોજિત મુલાકાત માટે જતી હોય તેવી સૌ વ્યક્તિઓને અમે પ્રોત્સાહિત કરવા ઈચ્છીએ છીએ કે તેઓ કાં તો સાર્વજનિક પરિવહનનો ઉપયોગ કરવાના અથવા તો કોઈના વાહનની મદદ લેવાના વિકલ્પોને ધ્યાનમાં લે.

પાર્કિંગ ગૅરેજ પૂર્ણ થતાંની સાથે, અમે અંદાજે 500 પાર્કિંગ માટેની જગ્યાઓ ઊભી કરવાની અપેક્ષા સેવીએ છીએ, જેમાં હૉસ્પિટલ અને લાંબાગાળાની સંભાળના દર્દીઓ અને નિવાસીઓ, મુલાકાતીઓ, અને કર્મચારીવર્ગ માટે સમર્પિત 200થી વધુ ચોખ્ખી નવી પાર્કિંગ માટેની જગ્યાઓનો સમાવેશ કરે છે. ફરી એક વાર, અમે આ સમયગાળા દરમિયાન તમે જે સમજશક્તિ અને સહનશકિત દાખવી એ બદલ અમે તમારો આભાર માનવા માગીએ છીએ તેમજ એ દોહરાવવા માગીએ છીએ કે Ajax Pickering Hospital માટે સમુદાયનું સતત સમર્થન અમને જે મળી રહ્યું છે એ બાબત અમે તેનાં કૃતજ્ઞ થયા છીએ.

## થૅન્ક્સગિવિંગ દિવસથી નવા વર્ષ સુધીની પ્રગતિ કરતાં

એકસમાન ગતિએ પ્રગતિ ચાલુ રાખવા કાજે તેમજ એ બાબતની ખાતરી કરતાં કે ઘરને સમયસર પૂર્ણ કરવામાં આવે, અનેક બાંધકામની ટુકડીઓ સમગ્ર થૅન્ક્સગિવિંગ દિવસથી નવા વર્ષ સુધીનાં સમયગાળામાં સળંગ કામ કરતી રહેશે. Durham સમુદાયની આ અતિ મહત્ત્વપૂર્ણ પરિયોજના માટે PCLના કામમાં રોકાયેલા કામઢા માણસોનો તેમનાં સમર્પણભાવ પ્રત્યે Lakeridge Health કદર કરીને આભાર વ્યક્ત કરવા માગે છે.

## સંપર્કમાં રહો

લાંબાગાળાની સંભાળ માટેનાં ઘર વિશેની તમારી પ્રતિક્રિયાઓ અને પ્રશ્નો Lakeridge Healthની ટુકડી માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

જો તમારે કોઈ પ્રશ્નો હોય અથવા ઘર વિશે વધુ માહિતી મેળવવા ઈચ્છતા હો, તો કૃપા કરીને કોઈ પણ સમયે **905-576-8711**, એક્સ્ટેન્શન **34167** પર કૉલ કરો અથવા **AjaxLTC@lh.ca** પર ઈમેઈલ કરો.પ્રવર્તમાન છેલ્લામાં છેલ્લી માહિતીથી અવગત રહેવા માટે તમે કાં તો અમારી વેબસાઈટ **AjaxLTC@lh.ca** પર જઈ શકો છો અથવા તો **ટ્વિટર** અને **ફેસબુક** પર Lakeridge Healthને ફૉલો કરી શકો છો.